૧૬

૧૬

# રુઆબદાર છોકરો



રાજાએ સિપાઈઓને આદેશ આપ્યો કે એ બહાદુર છોકરાને માનભેર કચેરીમાં લઈ આવો.

સિપાઈઓ છોકરાને લેવા ઉપડ્યા પણ વિચારતા હતા કે : 'રાજાજી, આ છોકરાને કેમ આટલું બધું માન આપે છે ? શું એ છોકરો ઈમાનદાર હશે ? કે પછી એણે કંઈ બહાદુરીવાળું કામ કર્યું હશે ?'

છોકરાને શોધતા સિપાઈઓ એના ઘરે પહોંચ્યા. ત્યાં જઈ રુઆબભેર પૂછ્યું. ''ક્યાં છે છોકરો ? એને રાજાજી દરબારમાં બોલાવે છે.''

છોકારાની માએ ઘરમાંથી બહાર આવી, સિપાઈઓને અદબપૂર્વક કહ્યું, ''એ તો ગાયો ચરાવવા વગડામાં ગયો છે.'' સિપાઈ છોકરાને શોધતા વગડામાં પહોંચ્યા.

ત્યાં એક ઊંચા ટેકરા પર ચાર પાંચ ગોવાળિયાની વચ્ચે એક છોકરો દમામભેર ઊભો હતો.

છોકરો નીડરતાપૂર્વક કહે : હું હમણાં આવું તો મારી ગાયોનું ધ્યાન કોણ રાખશે ? સિપાઈઓ છોકરાની વાત સાંભળી મૂંઝાયા. રાજાજીનો હુકમ હતો કે છોકરાને માનભેર લઈ આવવો અને આ તો આવવાની ના પાડે છે !



## વાંચો :

૧. દિવસે સૂર્ય અને રાત્રે ચંદ્ર દેખાય છે.

૨. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી લાગે છે.

૩. ઝઘડવું ઓછું, હસવું વધારે.

૪. રમેશ જાડો અને કેતન પાતળો છે.

૫. સવારે કસરત કરીએ અને સાંજે રમીએ.

| | |
|---|---|
| પવિત્ર – અપવિત્ર | હાજર – ગેરહાજર |
| સત્ય – અસત્ય | લાભ – ગેરલાભ |
| ન્યાય – અન્યાય | સમજ – ગેરસમજ |
| વિવેક – અવિવેક | ફાયદો – ગેરફાયદો |

| | | |
|---|---|---|
| સિપાઈ | ઈમાનદાર | ધ્યાન |
| આદેશ | રુઆબદાર | હુકમ |
| બહાદુર | અદબપૂર્વક | રાજાજી |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૭

# હળી-મળીને રહીએ



બાળકો બગીચામાં દડા વડે રમી રહ્યાં છે. નજીકના બાંકડા પર એક દાદાજી અને દાદીમા બેઠાં છે.

દડો ઝીલવાની રમત રમતાં બાળકોનો દડો દાદા-દાદીના બાંકડા પાસે જઈ પડે છે. કુશલ દોડતો દોડતો દડો લેવા બાંકડા પાસે પહોંચે છે અને દડો લઈ દાદા-દાદી પાસે જઈ માફી માગતાં કહે છે : ''માફ કરજો, દાદાજી, હવે દડો આ તરફ નહીં આવે અમે રમત બંધ કરીએ છીએ.''

દાદાજી : ''અરે ભાઈ, તમે રમત છોડીને કેમ જાઓ છો ? આવો, આવો, અહીં જ રમો.''

કુશલ : ''દાદાજી, અહીં દડો રમીએ અને દડો તમને કે બીજા કોઈને વાગી જાય તો ?''

દાદાજી : ''તારી વાત સાચી. ચાલ, તો અમે બીજે બેસીએ.''

કુશલ : ''ના રે ના દાદાજી, તમે વડીલ છો તમારે એવી તકલીફ લેવાની જરૂર નથી.''

બીજાં બાળકો પણ દાદા-દાદીના બાંકડા પાસે આવી ગયાં.

દાદીમા : ''દીકરાઓ તમે અહીં રોજ રમવા આવો છો ?''

બાળકો : ''રોજ તો નહીં પણ દર રવિવારે.''

દાદીમા : ''શું તમને રમવાનો સમય મળે છે ?''

બાળકો : ''ના દાદીમા, પણ તોય રમવું તો પડે જ ને ?''

દાદા : ''જરૂર... રમવું પડે.''

કુશલ : ''પણ દાદાજી, અમારાં મમ્મી - પપ્પા તો અમને ભણવાનું ને વાંચવાનું જ કહ્યા કરે છે.''

દાદી : ''એ પણ જરૂરી તો છે જ ને ભાઈ''

દાદા : ''અમે તો તમને વાતે વળગાડી દીધાં, તમે રમો.''

બાળકો : ''દાદાજી,અમને તો તમારી સાથે વાત કરવાનું પણ ખૂબ ગમે છે.''

દાદાજી : ''તો આવો બધાં. આપણે વાતો કરીએ.''

દાદાજી : ''ચાલો, આપણે એક નવી રમત રમીએ ?''

બધાં બાળકો : ''હા દાદાજી હા.''

દાદાજી : ''આ આપણા પરિચયની રમત છે.''



કુશલ : ''એ વળી કેવી રમત ?''

દાદાજી : ''સમજાવું. જુઓ આ રમતમાં દરેકે પોતાનું નામ કહેવું, એનો અર્થ કહેવો અને ભાવતી વાનગીનું નામ કહેવું.''

બાળકો : '' એ વળી કેવી રીતે ?''

દાદી : ''ચાલો હું તમને સમજાવું.''

જુઓ, મારું નામ છે કોકિલા. કોકિલા એટલે કોયલ અને મને ભાવે છે કાજુકતરી.''

બાળકો : વાહ ! આ તો નવી રમત !''

દાદાજી : ''હવે આને રમત બનાવીએ. તમારી પાસે દડો છે. એ એકબીજાને આપતા રહો. હું 'સ્ટોપ' કહું ત્યારે દડો જેના હાથમાં હોય તે પોતાનો પરિચય આપશે.''

વાહ ! આ તો નવી રમત !

હવે, કહો તો...

૧. બાળકો ક્યાં રમી રહ્યાં છે ?
૨. બાળકો બગીચામાં રમવા ક્યારે આવે છે ?
૩. કોકિલા એટલે શું ?
૪. બાળકોને નવી રમત કોણ રમાડે છે ?
૫. કુશલે કેમ માફી માગી ?

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૮

૧૮

# ઝાડનેય જીવ હોય છે



વસ્તાભાઈ છૂટક મજૂરી કરતા હતા. એકવાર એમને લાકડાના વેપારી સાથે મુલાકાત થઈ. વેપારીએ વસ્તાભાઈને જંગલમાંથી લાકડાં કાપી લાવવાનું કામ સોંપ્યું.

વસ્તાભાઈ ખુશ-ખુશ થતા જંગલમાં ઊપડ્યા. હાશ ! આજે તો સારી મજૂરી મળશે. મારાં બાળકો હવે ભૂખે નહિ મરે !

વસ્તાભાઈએ એક ઝાડ પસંદ કર્યું. ઝાડ પર એણે કુહાડી ઉગામી. ત્યાં જ ઝાડ બોલ્યું: ‘ભલા માણસ, મેં તારું શું બગાડ્યું છે ? મારો શા માટે વધ કરે છે ?’

વસ્તાભાઈ વિચારે એ પહેલાં ઝાડ પરથી બેચાર પંખી ઊડ્યાં... વસ્તાભાઈને થયું, ‘ઝાડ કાપવાથી જંગલ વેરાન થશે, વરસાદ આવતો અટકી જશે, દુષ્કાળ પડશે.’ વસ્તાભાઈએ ઝાડ નહિ કાપવાનું નક્કી કર્યું.





## વાંચો.

૧. સિંહ અને સિંહણ જંગલમાં રહે છે.

૨. માતા-પિતાને વંદન કરીએ.

૩. મોર અને ઢેલ ચણે છે.

૪. રાજા અને રાણી મહેલમાં રહે છે.

૫. તમે ચકો અને ચકીની વાર્તા સાંભળો.

### સમાનાર્થી શબ્દો

માતા – મા
વંદન – નમન
પંખી – પક્ષી
વૃક્ષ – ઝાડ
બીક – ડર

### વિરુદ્ધાર્થી શબ્દો

અંદર – બહાર
રડવું – હસવું
આવવું – જવું
નજીક – દૂર
નાનું – મોટું

| | | |
|---|---|---|
| **છૂટક** | **જંગલ** | **પંખી** |
| **મજૂરી** | **કુહાડી** | **દુષ્કાળ** |
| **વેપારી** | **ઝાડ** | **વેરાન** |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૯

૧૯

# પહેલાં અમે



પહાડી વિસ્તારનું આ ગામ છે. ગામના લોકોએ ગામની આસપાસના જંગલને જાળવી રાખ્યું છે. ખૂબ બધાં વૃક્ષો ઉગાડયાં છે.

ગામના માણસો વૃક્ષો વાવતા, એને જાળવતા, અને નવાં નવાં વૃક્ષો ઉછેરતા.

દાદાજી : ''અરે બેટા,વૃક્ષો તો આપણને ખૂબ ઉપયોગી છે. એનું લાકડું, એનાં પાન, એનાં ફળ, એનાં ફૂલ, એનો ગુંદર, બધું ખૂબ જ કામનું.''

બાળક : ''પણ દાદાજી આટલાં બધાં ઝાડ તો છે.''

દાદાજી : ''અરે બેટા, જેટલાં ઝાડ વધારે એટલો વરસાદ વધારે આવે. હવા ચોખ્ખી રહે.''

એક માણસ બૂમો પાડતો દોડતો આવે છે. ''દોડો, દોડો, કઠિયારાઓ ઝાડ કાપવા આવ્યા છે.''

માણસની બૂમો સાંભળી ગામના બધા લોકો ઘર બહાર નીકળી જંગલ તરફ દોડતા જાય છે.

સૌ ગ્રામજનો જંગલમાં પહોંચે છે. કઠિયારાઓ જે ઝાડને કાપવા તૈયાર છે, તે ઝાડને વળગીને ઊભા રહી જાય છે. થડની સાથે ચોંટીને ઊભેલા માણસોને લીધે હવે કઠિયારા વૃક્ષ પર ઘા કરી શકતા નથી.

ગ્રામજનો એમને કહે છે : ''ઝાડને પછી કાપો.પહેલાં અમે, પછી ઝાડ.'' કઠિયારા નિરાશ વદને પાછા ફરે છે.



## વાંચો :

૧. ફૂલને પુષ્પ પણ કહે છે.

૨. સફેદ એટલે જ ધોળું.

૩. પંખીને પક્ષી પણ કહેવાય.

૪. બીક એટલે જ ડર.

૫. પ્રકાશને અજવાળું પણ કહેવાય.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગીત | – | ગીતકાર | આગ | – | આગગાડી |
| ચિત્ર | – | ચિત્રકાર | માલ | – | માલગાડી |

પૈસા – પૈસાદાર

વજન – વજનદાર

| | | |
|---|---|---|
| વિસ્તાર | ગુંદર | કઠિયારો |
| જંગલ | ચોખ્ખી | વૃક્ષ |
| ઉપયોગી | ગ્રામજનો | નિરાશ |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે